ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૮/૧૯-૨૦/ 2245 તારીખ : 01 JUL 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૩૮/૧૯-૨૦

પ્રતિ,
**ભારતીબેન યુ.પંડયા,**
બી-૧૦, '' ભવાની કૃપા '',
નવદુર્ગા પાર્ક, ટી.બી.પાછળ,
મુ.સુરેન્દ્રનગર,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૯૯૨૫૭ ૩૫૪૦૮૯**

**વિષય : મીટર કંપની ફોલ્ટ હોવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૬/૨/૨૦૨૦ જે અત્રેની કચેરીને મળ્યા તા.૫/૩/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૮/૧૯-૨૦/૧૧૮૦ તા.૧૨/૩/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૮/૧૯-૨૦/૧૯૧૯ તા.૯/૬/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૦/૦૬/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર-૧.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

01૮

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૩૮/૧૯–૨૦** ☜

વાદી :– ભારતીબેન યુ. પંડયા,

◊ **વિરૂધ્ધ** ◊

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૦/૦૬/૨૦૨૦** ◈

હાજર રહયા :– પંડયા ઉમેશભાઈ ભાનુપ્રસાદ – (વાદી ના પતિ)

પ્રતિવાદી :– શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

ભારતીબેન યુ. પંડયા, મું.સુરેન્દ્રનગર, તા.સુરેન્દ્રનગર, જી.સુરેન્દ્રનગર ની મીટર કંપની ફોલ્ટ હોવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૮/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૮/૧૯–૨૦/૧૧૮૦ તા.૧૨/૩/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૦/૦૬/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી ભારતીબેન યુ. પંડયા વતી પંડયા ઉમેશભાઈ ભાનુપ્રસાદ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા,નાયબ ઈજનેર,વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભારતીબેન યુ. પંડયા, પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર–૧, ના ગ્રાહક છે. જે ઘર વપરાશ નું વિજ કનેકશન ધરાવે છે. જેનો ગ્રાહક નં–૨૫૧૦૫/૦૬૬૦૧/૪ છે.

૧.૨ વાદી દ્વારા ફરીયાદ કરવામાં આવેલ છે કે, દર બે મહિને સરેરાશ રૂા. ૨૦૦૦/– ની આસપાસ બિલ આવે છે. જે સમયસર ભરે છે. તેઓ દ્વારા ટી.વી.,ફ્રીઝ, વોશિંગ મશીન, પંખા વગેરેનો વપરાશ કરે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વાદીને તા.૧૫/૧૧/૨૦૧૯ ના રોજ મીટર રીડર દ્વારા મીટરમાં રીડીંગ ૧૨૪૬૬ જોવા મળેલ હતા. જે ગત વપરાશના રીડીંગ ૯૮૬૯ ના તફાવત ની ગણતરી કરી ૨૫૭૭ યુનિટ નો વપરાશ માલૂમ પડેલ. મીટરમાં એબ્નોર્મલ વપરાશ હોવાથી F નું ૨૮૦ યુનિટ ગણી એવરેજ વિજ બિલ રૂા.૧૮૪૫/૭૩ આપવામાં આવેલ હતું.

૧.૪ તા.૨૯/૧૧/૨૦૧૯ ના રોજ વિજ કર્મચારી દ્વારા મીટર બદલતાં, મીટરમાં ૧૨૯૫૩ રીડીંગ જોવા મળેલ, જે તા.૧૫/૧૧/૨૦૧૯ થી તા.૨૯/૧૧/૨૦૧૯ – ૧૪ દિવસ માં ૫૦૭ યુનિટ ફરેલ બતાવે છે. જેથી, મીંટરમાં ખામી હોવાનું જણાય છે.

૧.૫ લેબમાં સદર મીટર નો એમ.આર.આઈ ચકાસતા મીટર બરાબર છે, તેમ કહેવામાં આવેલ. અને વિજ બિલ માં બાકી રકમની વસૂલાત માટે આવતા રૂા.૧૧૦૦૦/– ભરેલ છે. અમો દ્વારા કોઈ મીટર રીડર ઓછું બિલ બનવા માટે કહેલ નથી. સદર મીટર ૧૪ દિવસ માં ૫૦૭ યુનિટ ફરેલ બતાવે છે. જેથી, મીટરમાં ખામી હોવાનું સાબિત થાય છે. જેથી, લોડ પ્રમાણે ગણતરી કરીને સરેરાશ બિલ આપવા માટે રજૂઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદી ને તા.૧૫/૧૧/૨૦૧૯ ના રોજ મીટર રીડર દ્વારા મીટરમાં રીડીંગ ૧૨૪૬૬ એબ્નોર્મલ યુનિટ જોવા મળતાં, સરેરાશ મુજબ F નું ૨૮૦ યુનિટ નું વિજ બિલ રૂા.૧૮૪૫/૭૩ આપવામાં આવેલ હતું.

૨.૨ **તા.૨૦/૧૧/૨૦૧૯** ના રોજ વિજ કર્મચારી દ્વારા મીટર બદલતાં, મીટરમાં ૧૨૯૫૩ રીડીંગ જોવા મળેલ હતા. તેમજ એમ.આર.આઈ રીપોર્ટમાં પણ તા.૪/૧૧/૨૦૧૯ માં ૧૨૯૫૩ રીડીંગ બતાવે છે.

૨.૩ વાદી દ્વારા એપ્રિલ–મે–૨૦૧૯ માં ૨૯૦ યુનિટ, મે–જુન–૨૦૧૯ માં ૩૨૫ યુનિટ, જુલાઈ–ઓગષ્ટ– ૨૦૧૯ માં ૨૨૨ યુનિટ નો વિજ વપરાશ કરેલ છે. જેની લેઝર નકલ આ સાથે સામેલ છે.

૨.૪ વાદીને તા.૧૯/૩/૨૦૨૦ ના રોજ ૨૬૫૩ યુનિટ નું રૂા. ૨૧૪૭૧/૪૪ ભરવા માટે સપ્લીમેન્ટરી બિલ આપવામાં આવેલ છે. જે ભરવાપાત્ર થાય છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી ભારતીબેન યુ. પંડયા, સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં ઘર વપરાશનું સીગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૨૫૧૦૫/૦૬૬૦૧/૪ થી ધરાવે છે.

૩.૨ સપ્ટે.–ઓકટો.–૨૦૧૯ બિલ્ડ ઈન નવે.–૨૦૧૯ ના વાદીના વિજ બિલ માટે તા.૧૫/૧૧/૨૦૧૯ ના રોજ પ્રતિવાદીના મીટર રીડર દ્વારા રીડીગ લેતા વાદીના વિજ મીટરમાં ૧૨૪૬૬ રીડીગ જોવા મળેલ. વાદીના તે પહેલાના તા.૧૮/૯/૨૦૧૯ ના રોજ લીધેલ રીડીગ ૯૮૬૯ હતા. આથી, સપ્ટે–ઓકટો–૨૦૧૯ માં વાદીના વિજ મીટરમાં ૨૫૯૭ યુનિટની વપરાશ જણાતા, પ્રતિવાદીના મીટર રીડરે વાદીને ડીફેકટીવ મીટરનું સ્ટેટસ મુજબ ૨૮૦ યુનિટ નું એવરેજ બિલ આપેલ. તેમજ નવે–ડિસે–૨૦૧૯ બિલ્ડ ઈન જાન્યુ–૨૦ ના તા.૮/૧/૨૦૨૦ ના રોજ બનાવેલ વિજ બિલ માં ૨૮૦ યુનિટ નું એવરેજ બિલ આપવામાં આવેલ.

૩.૩ **તા.૨૯/૧૧/૨૦૧૯** ના રોજ પ્રતિવાદી એ વાદીનું મીટર બદલાવેલ, તે સમયે વાદીના વિજ મીટરમાં રીડીગ વાંચન ૧૨૯૫૩ હતા.

૩.૪ પ્રતિવાદીએ વાદીના વિજ મીટરમાં રેકર્ડ થયેલ વપરાશ મુજબ વાદીને ૨૬૫૩ યુનિટ નું રૂા.૨૧૪૭૧/૪૪ નું વિજ વપરાશ નું પુરવણી બિલ આપેલ. જેથી, વાદીએ ફોરમ ને રજૂઆત કરેલ છે.

૩.૫ પ્રતિવાદી એ વાદીના વિજ મીટરમાં એમ.આર.આઈ.ડેટા રજૂ કરેલ છે. એમ.આર.આઈ. ના KWH અને MD(KW) નો હીસ્ટ્રી ડેટા નીચે મુજબ છે.

| Sr. No. | Month | KWH | MD |
|---|---|---|---|
| 1 | June | 9534.8 | 00.74 |
| 2 | July | 9676.5 | 0.68 |
| 3 | August | 9798 | 0.76 |
| 4 | September | 9917.3 | 0.78 |
| 5 | October | 11005.4 | 7.28 |
| 6 | November | 12953 | 7.16 |

૩.૬ એમ.આર.આઈ. નો હીસ્ટ્રી ડેટા જોતાં, ઓકટો. અને નવે. માસમાં વાદીના મીટરમાં MD એકંદર અસામાન્ય રીતે વધી, અને 7.28 તેમજ 7.16 નોંધાયેલ છે. તેમજ ઓકટો. અને નવે.માસ દરમ્યાન વાદીના મીટર ની વપરાશ અસામાન્ય રીતે નોંધાયેલ હોઈ તેમ જણાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar *

૩.૭ પ્રતિવાદી એ રજૂ કરેલ વાદીના વિજ વપરાશ નો હીસ્ટ્રી મુજબ વર્ષ–૨૦૧૭ ના વર્ષ માં એવરેજ વપરાશ ૨૦૪ યુનિટ, વર્ષ–૨૦૧૮ ના વર્ષ માં એવરેજ વપરાશ ૨૬૨ યુનિટ, વર્ષ–૨૦૧૯ ના વર્ષ માં એવરેજ વપરાશ ૨૪૮ યુનિટ ની વપરાશ નોંધાયેલ છે. તેમજ વાદીનું મીટર બદલાયા બાદ, નવા મીટરના તા.૨૯/૧૧/૨૦૧૯ થી તા.૫/૩/૨૦૨૦ દરમ્યાન, ૩૨૧ યુનિટ ની વિજ વપરાશ નોંધાયેલ છે.

૩.૮ તારણ નં–૩.૬ અને ૩.૭ જોતા, ઓકટો. અને નવે.– ૨૦૧૯ માસમાં વાદીના વિજ સ્થાપન ના મીટરમાં તા.૪/૧૧/૨૦૧૯ અને તા.૧૫/૧૦/૨૦૧૯ ના રોજ MD(KW) અસામાન્ય રીતે નોંધાયેલ છે. તેથી, મીટરના વિજ વપરાશ પણ અસામાન્ય રીતે નોંધાયેલ છે. આથી, વાદીનું મીટર ડીફેકટીવ છે.

૩.૯ તારણ ૩.૮ પ્રમાણે વાદીનું મીટર ડીફેકટીવ હોઈ, તેને આપેલ રૂા.૨૧૪૭૧/૪૪( યુનિટ ૨૬૫૩) રદ કરવું અને બન્ને માસ દરમ્યાન, વાદીને ૨૮૦ + ૨૮૦ ની એવરેજ યુનિટ નું વપરાશનું બિલ આપવું. જે વાદી એ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૯ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| ગેરહાજર | (પી. એન. રાજકીયા) | (એમ. આર.વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૨૦.૦૬.૨૦૨૦

Grievance Redressal ... P.G.V.C.L.